विद्याहिताबाळ
विविध वांचनमाळा

मणको १

(પ્રથમ પરિચ્છેદ)

છપાવી પ્રસિદ્ધ કરનાર.

તુલજારામ જમનાદાસ શાહ

અને

શંકરભાઈ મુળાભાઈ ગાંધી

સેક્રેટરીઓ, વિદ્યાહિતાબાળ પુસ્તક પ્રચારક કમીટી. મુંબઈ

અમદાવાદ—શ્રી સત્યવિજય પ્રી. પ્રેસમાં
શા. સાંકળચંદ હરીલાલે છાપ્યું,
આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦
સને ૧૯૧૩ સં. ૧૯૬૯
મુલ્ય રૂ. ૦-૧-૦ પોસ્ટેજ સાથે.

ભૂમીકા.

શ્રી વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ તરફથી સંવત ૧૯૬૯ ના ફાગણ સુદ ૧૫ વાર શનીવારને દીવસે સ્ટાન્ડર્ડ એક વાગે મુંબાઇ મધે આવેલી ગીરગામ મધેની મોહન બીલ્ડીંગમાં વિશા-દીશાવાળ જ્ઞાતિ પરિષદ ભરાઈ હતી તે પ્રસંગે જે જે ભાષણો થયાં હતાં તેમાં કેટલાક સુધારા વધારા સાથે સર્વ જ્ઞાતિ બંધુઓને તેના વાંચન-નો લાભ મળે તે માટે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

—વિશા દીશાવાળ

પુસ્તક પ્રસારક કમીટી.

ૐ

॥ શ્રી સિદ્ધ અંબીકેશ્વરી વિજયતે ॥

મંગળા ચરણ.

પ્રભુ સ્તુતિ

રાગ—માઢ.

વિભુ વિશ્વના સ્વામી હે ગુણ ગામી, વંદીએ નામી તુજને વારવાર.
શાણા સતજન નામી, દુર્જન દામી, લક્ષ્મીના સ્વામી, વંદીએ વારંવાર;
દિગ વિજય દુનિયા માંહી તારો, હે પૃથ્વીના ભૂપ,
શા આ કુદરતના કર્યો ધારા, તારૂં અલૌકિક રૂપરે. (વિભુ) ૨
વાટ ઝાડ પાંડ પર્વત નદીઓ, વિભૂતી તુજ ગણાય,
ભાઈ લૌકીકના સુખને લક્ષમાં, નિયમીત કાર્યો જણાયરે. (વિભુ)
જ્ઞાતા તું છે સર્વ જગતનો, કરે કોઈ શુભ કામ,
તિક્ષ્ણ નજરથી તુજ જુએ છે, સર્વ વ્યાપી તુજ નામરે. (વિભુ) ૩
નોકરી તારી જે જન કરતા, તજી સંસારના ભોગ,
વિશ્વ વિષે જન સુખી ગણાય, પામતા મનને જોગરે. (વિભુ) ૪
જન તારી જે ભક્તી કરતા, રાખી પુરણ પ્રેમ,
યમ કીંકરનો ભય ટાળીને, રહે તે કુશળ ક્ષેમરે. (વિભુ) ૫
કલ્યાણ કરજો મમ જ્ઞાતિનું, કરગરી કહું હે કૃપાળ,
શોક ન લાવો મમ જ્ઞાતિપર, ગાંધી તારા બાળરે. (વિભુ) ૬

[illegible] ભુલાભાઈ ગાંધી
સેક્રેટરી, સ્વાગત કમીટી

સિદ્ધ અંબીકાની સ્તુતિ.

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ—રાહ.

જય જય સિદ્ધ અંબે માત, દર્શન દેજોરે.
ભય શોક દુઃખ સંતાપ, સઉ હરી લેજોરે—ટેક.
હે માજી આ બાળકોકેરાં, દુખ સદા શું ન જાણોરે,
ભયમાં ડોકને જોઇં સદા, ના કેમ દયા ઉર આણો. (દર્શન) ૧
જય જય જગજીવ ધારક શકતી, કરૂણા દ્રષ્ટે જોજોરે,
જ્ઞાતિમાં પ્રસરેલ કુધારાને આધિ વ્યાધિ ધોજો (દર્શન) ૨
કામ ક્રોધ કુસંપે લપટયા, આપ વિણ કોણ છોડો રે,
આણી દયાને સંકટ તોડો, (જેમ) જનની સુતના તોડે (દર્શન) ૩
કાળી ગાંડી જેવી તેવી, સુતની વાણી સુણજોરે,
જ્ઞાતિ તણાં આ દુઃખ હરીને, શકરા સામુ જો જો (દર્શન) ૪

સ્વાગત કમીટી.

(નેપથ્યમાં).

હો સ્વાગતમ, સ્વાગતમ.
મમજ્ઞાતિ કેરા સર્વજનનું.
સ્વાગતમ સ્વાગતમ
જે વીર નરોએ પ્રાણ આપ્યા, જ્ઞાતિકેરા હિતમાં,
તે વીર નરોનું પ્રીત થકી હો સ્વાગતમ;
સ્વાગતમ. ૧

જે વીર નરો હજુએ કરે છે, જ્ઞાતિ કેરૂં હિત સદા,
તે વીર નરોનું પ્રીત થકી હો સ્વાગતમ્;
સ્વાગતમ્ ૨

જેના હૃદયમાંહીરમે છે, જ્ઞાતિ કેરૂં હિત સદા,
તે વીર નરનું પ્રીત થકી હો સ્વાગતમ્;
સ્વાગતમ્ ૩

જે વીર નરો સુખ દુઃખ ખમતા, જ્ઞાતિ અર્થે સર્વદા,
તે વીર નરોનું પ્રીત થકી હો સ્વાગતમ્
સ્વાગતમ્ ૪

જેણે પ્રસારી સુવિચારો કુવિચારો ટાળીઆ,
તે વીર નરનું પ્રીત થકી હો સ્વાગતમ્
સ્વાગતમ્ ૫

સ્વાગત કમીટીનું ભાષણ.

મહેરબાન સદ્ ગૃહસ્થો.

આજ આપ સર્વને પધારેલા જોઈ અમને ઘણોજ આનંદ થાય છે, તેમજ વળી આપ સર્વ સજ્જનોએ મજકુર પરિષદમાં પધારવાની તસ્દી લીધી છે તેને માટે આપનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ.

મજકુર પરિષદ ભરવાનો ઠરાવ "વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ" તરફથી એકદમ થવાથી આપણી જ્ઞાતિના બહાર ગામના ગૃહસ્થોને આ પરિષદમાં ભાગ લેવા આમંત્રણ કરી શક્યા નથી, તેમજ મું-

બાધમાં રહેતા ગૃહસ્થોને પણ પૂરતી રીતે હાજર કરી શક્યા નથી તેને માટે અમો ઘણા દીલગીર છીએ.

આપણી જ્ઞાતિ ઘણા સમયથી બીજી જ્ઞાતિઓની પેઠે સમાજોની ઉત્પત્તિ કરી શકતી નહોતી, પરિષદો ભરી શકતી નહોતી, પેપરો બહાર પાડી શકતી ન હોતી, તથા અન્ય જાહેર કામોમાં ભાગ લેઇ શકતી ન હોતી ને તેથી કરી જ્ઞાતિના કેટલાક માણસો અજ્ઞાન રૂપી અંધકારમાં રહેતા હતા પણ તે અંધકાર દુર કરી જ્ઞાતિ બધુઓને બીજી જ્ઞાતિઓની પેઠે પરિષદોના સ્વાદ લેતા કરવાને તથા કેળવણી વગેરે બાબતોમાં આગળ પડતી કરવાને શેઠ છોટાલાલ મુલચંદ તથા શી. છોટાલાલ છગનલાલે સવત ૧૯૫૬ ના મહાવદી ૧૧ સોમવારને રોજ " શ્રી ગુજરાતિ વિશા દીશાવાળ મિત્ર મંડળ " નામની સસ્થા સ્થાપિત કરી છે ને તે સંસ્થાનો એક પેપર બહાર પાડવા તથા જ્ઞાતિ બંધુઓને માટે બોર્ડીંગ હાઉસ વગેરે સસ્થાઓ કાઢવાના વિચારો હતા ને તે વિચારો ફળીભુત થઆહતતો આપણી જ્ઞાતિ સુધારાના શિખરે અત્યારે કેટલી પહોચી ગઇ હત તે કહી શકાત નહી. પણ આપણા કમભાગ્યે તેના તે વિચારો બધ પડયા તે પડયા પણ હાલ તે સસ્થા પોતાના ઉદ્દેશોને અનુસરી કઇ પણ કામ કરી શકતી નથી તેને માટે આપણ સર્વને દીલગીર થવા જેવું છે. તો પણ ઉક્ત સેક્રેટરીઓને તેમના ઉઠાવેલા સાહસને માટે ધન્યવાદ આપવો ઘટે છે.

મજકુર મિત્ર મંડળના સેક્રેટરીઓ તો ઘણા બાહોશ છે તેમજ તેઓ પોતાની સ્થાપિત કરેલી સંસ્થા ચલાવવાને ઘણી ખત રાખે છે પણ અન્ય મેનેજીંગ કમીટીના પ્રતિનિધીઓમાંના કેટલાકના દુર્લક્ષે તેમને તેમના ઉદ્દેશો મુજબ કામ કરવામાં સહાય મળી શકતી નથી

જેથી તેઓ પોતાના ખંત મુજબ કાર્ય કરી શકતા નથી તે સિદ્ધ કરી બતાવવા માટેજ શેઠ છોટાલાલ મુલચંદ પાનસરવાલાએ પોતાના પ્રમુખપણા નીચે મજકુર " શ્રી વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ " સ્થાપિત કર્યો છે અને તેમાં તેઓએ પ્રમુખ સ્થાન સ્વીકારવાની જે ઉદારતા બતાવી છે તે પરથી તેમનો જ્ઞાતિ પ્રત્યેનો અગાધ પ્રેમ જણાઈ આવે છે

" વિશા દીશા વાળ જ્ઞાતિ સમાજના ઉદ્દેશો પણ ગુજરાતી વિશા દીશાવાળ મિત્ર મંડળ મુજબ જ્ઞાતોન્નતિજ કરવાના છે ને તેના કાર્ય વાહકોપણ ઘણા ખંતથી કામ કર્યા જાય છે પણ તેઓને નાણાની પડની ઈંટ બણાઓથી પોતે જોઈએ તેવા રીતે કાર્ય કરી શકતા નથી તેમજ વળી ગુજરાતી વિશાદીશા વાળ મિત્ર મંડળમાં પ્રથમ જે ગૃહસ્થોએ નાણાં ભરેલાં તે તેઓ મંડળ કામ નકરી શકવાથી મજકુર સમાજને પણ નાણાંની મદદ આપતાં ખચકાય છે ને તેમ થાય એ પણ નિસંદેહ છે તો ગુજરાતી વિશા દીશાવાળ મિત્ર મંડળના સેક્રેટરીઓ તથા મેનેજીંગ કમીટીના પ્રતિનિધીઓ પોતે મજકુર સમાજ પ્રત્યે ભ્રાતૃભાવ ધરાવશે, તથા મજકુર સમાજ સાથે પોતાની સંસ્થા પણ જોડી દેશે તો તેમના તથા સમાજના ધારેલા ઉદ્દેશો પાર પડી શકશે કારણ કે એક મ્યાનમાં બે તલવાર સમાઇ શકે નહિ માટે આશા છે કે તેઓ પોતાની સંસ્થા પોતાના ઉદાર અને જ્ઞાતોન્નતિના વિચારોથી મજકુર સમાજ સાથે જોડી દઇ સમાજને સહાય કરી જ્ઞાતિનો વિજય ઝુંડો ફરકાવશે (તાળીઓ)

આપણી જ્ઞાતિમાં હાલ જોઇએ તેટલી કેળવણી પ્રસરેલી નથી તેમજ કેટલાક રિવાજોથી આપણી જ્ઞાતિ જોઈએ તેટલી ઉન્નતિના

શીખરે પહોંચી શકી નથી તે જણાવવાને માટે તથા તેમ કરવાને આપણે શાશા ઉપાયો લેવા જોઇએ વગેરે બાબતોમાં એક બીજાઓના પરસ્પર વિચારો જણાવાય તથા નિર્ણય કરી શકાય તેને માટે મજકુર પરિષદ આજે શ્રી વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ તરફથી ભરવામાં આવી છે

આપણી જ્ઞાતિ સુધારાના શિખરે પહોચેલી નથી તે વાત ખરી છે પણ તે સાથે અજ્ઞાનતાએ એવો પણ વાસ કરી દીધો નથી કે જેથી કરી જ્ઞાતિબંધુઓ ઠીક અધમાવસ્થાએ પણ પહોંચી શકે તેનો દાખલો એજ છે કે—આપને ખબર હશે કે " ધી આર્યન બ્રધરહુડ" ની સંસ્થા કે જેનો મુખ્ય ઉદેશ જ્ઞાતિ પરિચ્છેદ કરવાનો છે તેની હસ્તી વિષે સર્વ જ્ઞાતિબંધુઓને પેપરો દ્વારા માહીતિ મળી હશેજ. ગત દીવાળીના પ્રસંગપર આ સંસ્થા તરફથી મુબાઇમાં એક કોન્ફરન્સ મેળવવામાં આવ્યું હતું. અને તેને અંગે તા ૧૦ મી નવેમ્બરે કાશીબાગમાં એક પ્રીતી ભોજન પણ કરવામાં આવ્યું હતુ. ખાસ કરીને આ ભોજનમાં અંત્યજોએ ભાગ લીધો હતો તેમજ કેટલાક ઉંચજ્ઞાતિના ગૃહસ્થોએ પણ ભાગ લીધો હતો તેથી કરીને કેટલીક જ્ઞાતિઓમાં તે ભોજનમાં ભાગ લેનાર ગૃહસ્થને માટે ભારી ચળવળ થઇ છે, પણ આપણી જ્ઞાતિના કોઇ ગૃહસ્થે આ ભોજનમાં ભાગ લઇ આપણી જ્ઞાતિને ભારી ખટપટમાં ઉતારી નથી તથા જ્ઞાતિના નામને બટ્ટો આપ્યો નથી એ પણ આપણી જ્ઞાતિના બીજી જ્ઞાતિના શહેરી સુધારાઓ કરતાં ગામડીઆ સુધારાએ સારો પાઠ ભજવ્યો ગણાય. ને જ્યાં સુધી આપણી જ્ઞાતિના તમામ જનના મનમાં આવા વિચારો મજબૂત પાયે ઠસી રહેશે ત્યાંસુધી આપણે ખુશી થવા જેવું છે તેટલુંજ નહિ પણ

આ પરિષદ જેવી નવીન ઉત્પન્ન થતી સંસ્થાઓ પણ નીભી શકશે.

આપણે આજે આશુભ કાર્ય (જ્ઞાતોન્નિત) કરવા માટે મળેલા છીએ ત્યારે આ શુભ તહેવારના મહાત્મ્ય સબંધમાં પણ મારે કેટલુક જણાવવું તે જરૂરનું છે એમ ધારી તેનું પણ યોગ્ય શબ્દોમાં વિવેચન કરવા સર્વ ગૃહસ્થો પાસેથી રજા લઉછુ.

આજનો દિવસ તે ફાગણ સુદ ૧૫ ને નામે ગણાય છે ને તે જે તહેવાર તરીકે પ્રસિદ્ધ છે તે "હોળી" તરીકે ગણાય છે હોળીના તહેવારોમાં કેટલીક જગ્યાઓએ થતાં ગેર વ્યાજબી તોફાનો સંબધે શાસ્ત્ર અગર સુજ્ઞજનની સમતિ છેજ નહિ આ તહેવારમાં થતુ તોફાન તે માત્ર અજ્ઞાનનુંજ પરિણામ છે ને તેથી કરીને હાલમાં અજ્ઞાન લોકો પરસ્પર ધુળ, પથરા, કાદવ વગેરે ઉછાળે છે તથા પરસ્પર, બિભત્સ શબ્દોચ્ચાર કરે છે તથા પોતાનાથી મોટી ગણાતી ભાભી તથા પોતાના મિત્રની સ્ત્રી સાથે હોળી રમે છે. તેઓ ભલે આ રીતને નિર્દોષ માનતા હોય પણ હું તો તેને નિર્દોષ માનતોજ નથી પરસ્ત્રીઓને હાથ અડકાડવાને અરે તેના સામુ જોવાને પણ જે શાસ્ત્રોમના કરી રહ્યાં છે તે શુ પરસ્ત્રીઓ સાથે તોફાન કરવાને હા પાડતાં હશે! જે શાસ્ત્રો વિદ્વતાઇ રાખવા કહે છે તે શું મુખમાથી અપશબ્દ ઉચરી હલકા બનવા ફરજ પાડતાં હશે! જે શાસ્ત્રો સ્વચ્છતા રાખવા કહે છે તે શું કચરા માટી' તથા કાદવથી શરીર તથા કપડાં રગદોળવા ફરજ પાડતાં હશે! કદી તેમહોયજ નહિ તે તો અજ્ઞાન લોકોની ત્રણ દિવસની ખોટી ખુશાલી ખાતર તેઓ તેમ ધારે છે.

હોળીના તહેવારોમાં જ્યારે અજ્ઞાન લોકો આવા તોફાનો કરે. છે ત્યારે સુજ્ઞ લોકો તે તોફાનને દુર કરી ઓછવ કરે છે, તથા હોળી

કાયત્ન કરે છે ને તેજ દિવસે આપણે પણ આ પરિષદ ભરવાનું શુભ કાર્ય કરેલું છે તે ખુશી થવા જેવું છે.

હોળીના તહેવાર નિમિત્તે યજ્ઞ કરવાનો રિવાજ આપણા પ્રાચીન રૂષી મુનીઓના વખતથીજ શરૂ થએલો છે તેઓ ઘણું કરી દરપુનમ તથા અમાસને દીવસે નાના યજ્ઞો કરતા હતા તેમજ દરેક રૂતુના પ્રારંભ તથા જુણી હુતીમાં પણ યજ્ઞો કરતા હતા હોળીના દિવસો એવા છે કે જે પ્રસંગે ઉપર જણાવેલાં કારણો એકત્ર થાય છે ને તેવા કારણથી રૂષીમુનીઓ હોળીકા યજ્ઞ કરતા હતા ને હાલ પણ તે યજ્ઞ કરવાનો રિવાજ આપણામાં ચાલુ છે પણ તે વિધીસર હોતો નથી.

પ્રાચિનકાળમાં જે હોળીના તહેવારો ધાર્મિક ભાવવડે પસાર કરવામાં આવતા હતા તેજ હોળીના તહેવારો આજે આ અજ્ઞાન દશા ભોગવતા દેશમાં તથા આપણી જ્ઞાતિમાં પણ કેટલેક સ્થળે એવી ખરાબ રીતે પસાર કરવામાં આવે છે કે જેને માટે સભ્ય દેશોની તથા સભ્ય જ્ઞાતોની નજરમાં નીચુ જોવુ પડે તેમ છે. ઘણી શોચની વાત છે કે જે હોળીના તહેવારો રૂષિમુનીઓ ધાર્મિક વૃત્તિથી ઉજવતા હતા તેજ તહેવારોને આપણે જે આપણા પ્રાચીન મુનીઓની પ્રજા હોવાનો દાવો કરીએ છીએ તથા તેમના રચેલાં શાસ્ત્રો માટે ગૌરવ ધરાવીએ છીએ તેજ તેને ઉલટા ક્રમમાં ભજવીએ છીએ.

હવે પ્રજામાં નામદાર બ્રીટીશ સરકારની સુખમય રાજ કારકીર્દીથી ઘણો સુધારો થવા પામ્યો છે. એટલે આવી બાબતોમાં પણ દીનપ્રતિદીન જાગૃતિ થવા માંડી છે ઓનરેબલ મી. ગોખલેએ સ્થાપન કરેલી સરવન્ટસ ઓફ ઇન્ડીયા સોસાયટીનાના અને શોસ્યલ સરવીસ લીગના આગેવાનો દરવરસે મુંબાઇમાં " હોલીકા સંમેલન

કમીટી " નીમીને વોલન્ટીઅરો મારફને જુદા જુદા સ્થળોએ અવળે માર્ગે જતા લોકોને ધાર્મિક વ્યાખ્યાનો તથા નિર્દોષ રમત ગમતો બતાવી તેમનુ તે રસ્તે જવાનુ વલણ બંધ કરે છે તેવીજ રીતે વડોદરા રાજ્યના શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે કે જેમના રાજ્યમાં આ પણી ગ્નાતિનો ઘણો ભાગ વસેલો છે તેઓએ પણ પોતાના રાજ્યમાં હોળીકા પ્રસંગે બોલતા બિભત્સ શબ્દો બંધ કર્યો છે તેવીજ રીતે આપણી ગ્નાતિમાં થાય તથા દરેક માબાપો પોતાના બાળકોને આવી ખોટી રીતની ગમતથી દુર રાખે તથા પોતે પણ પૂર્ણ વિધીથી હોળીકા યગ્ન કરે તો હોળીના તહેવાર સમયે બોલાતા શબ્દો તથા તોફાનો જે પોતાના માબાપોનો ભય રાખ્યા વગર બાળકો બોલે છે તથા તોફાન કરે છે તે બંધ થાય અને તે બંધ કરવું એ માબાપોની ખાસ ફરજ છે.

મહાશયો,

આટલું આ તહેવાર સબંધી બોલી હવે સમાજ તરફથી પણ મારે આપને કેટલુંક વિદીત કરવુજ જોઇએ જેથી તે વિદીત કરવાને પણ આપની રજા લઉછું—આપ જાણુતાજ હશો કે દુનિયાની તમામ કૃત્યો ખંત તથા મદદ એ બેથીજ પાર પડે છે. માણુસ જો એકલો ખંતથી મંડયો રહે પણ તેને જોઇતાં સાધનોની મદદ મળતી ન હોય તો તે ફતેહમંદ થઇ શકતો નથી બલ્કે કંઈ કામ કરી શકતો નથી. તેમજ માણુસને મદદ મેળવવાનાં હજારો સાધનો હોય પણ જો તેને ખંત ન હોય તો તે કંઇ કાર્ય કરી શકતો નથી એ ઉપરથી એમ તો સિદ્ધ થાય છે કે દરેક માણુસને કાર્યમાં ફતેહમંદ થવા માટે ખંત તથા મદદની પૂર્ણ જરૂર છે.

સમાજ સ્થાપિત કરનાર ગૃહસ્થો જો કે પોતે જે ઉદ્દેશોથી સમાજ સ્થાપેલો છે તે ઉદ્દેશો પારપાડવા પુરતી ખંત ધરાવે છે પણ આપણી જ્ઞાતિના ગૃહસ્થો તરફથી તેમને જોઇતી મદદ મળી શકતી નથી એટલે તેઓ પોતાના ઉદ્દેશો જોઇએ તેવા રીતે મદદ વગર પાર પાડી શકતા નથી તો આશા છે કે મજકુર સમાજને પોતપોતાથી બનતી મદદ દરેક જ્ઞાતિ બંધુ કરશે.

મજકુર સમાજના સ્થાપકોને જાત મહેનતની તથા નાણાંની ઘણીજ જરૂર છે તો જે જ્ઞાતિ ગૃહસ્થો શ્રીમંત ન હોય તેઓ પોતાથી બનતી જાત મહેનતની મદદ કરશે તથા શ્રીમંત ગૃહસ્થો સમાજને યોગ્ય નાણાંની સવડ કરી આપવા પોતાનો ઉદાર હાથ લંબાવશે.

આટલું બોલી તથા આપણી પરિષદમાં આવેલા શ્રીયુત—તુલજારામભાઇ જ્ઞાતિ સંબંધે હિતકારક થઇ પડે તેવુ ભાષણ આપશે તેવી ઉમેદ રાખી બેસી જવાની રજા લઉછું. (તાળીઓ) તથા પરિષદનો કાર્ય ચાલુ કરવા માટે દરખાસ્ત મુકુ છું.

(ભાષણ કર્તા)

શકરાભાઇ જુલાભાઇ ગાંધી

સેક્રેટરી સ્વાગત કમીટી.

જ્ઞાતિ સુધારકે ગ્રહણ કરવાની બાબતો તથા જ્ઞાતિ મહાત્મ્ય.

(ભાષણ કરનાર)

તુલજારામ જમનાદાસ શાહ.

મહેરબાન સાહેબો.

આજની આ પરિષદ ભરાયેલી જોઇ મને ઘણોજ આનંદ થાય છે એટલુંજ નહિ પણ મજકુર પરિષદની સ્વાગત કમીટીના સેક્રેટરી મી. શકરાભાઇએ જે જે સવડો કરી છે તેને માટે તેમને પણ ધન્યવાદ આપું છું.

આપણી જ્ઞાતિમાં આવી પરિષઃ જો કે આ પહેલીવારજ ભરવા માં આવી છે તોપણ સમાજના કાર્યવાહકો એવા ઉલ્લાસથી કાર્ય કરે છે કે તે સમાજનૂ ઘણા સમયથી પ્રચલિતપણું જણાઇ આપે છે.

આજકાલ ઘણી ખરી જ્ઞાતિમાં તે તે જ્ઞાતિના ગૃહસ્થો પોતાની જ્ઞાતિનું હિત કરવાને પ્રયત્નો કરે છે પણ તેમાંના કેટલાક તો જાણ તા જ નથી કે જ્ઞાતિનું હિત કરનારે પ્રથમ કઇ કઇ બાબતોમાં દ્રઢ થવું પડે છે. જો તે જાણ્યા સિવાય તેઓ કાર્ય કરવા ધકે છે પણ તે- માં કઇ હરકત આવતાં તેઓ જ્ઞાતિનું હિત કરવાનું બાજૂએ મૂકે છે. તો આપણી જ્ઞાતિમાં પણ તેવાજ નિશ્ચયવાલા બંધુઓ જો જ્ઞાતિનું હિત કરવા ઇચ્છા રાખતા હોય તો તેમણે નિચેના નિશ્ચયોમાં દ્રઢ થવું જોઇએ જ કારણ જે દરિયામાં આશ્વિન પૂર્ણીમાએ મોતી કાઢ નારા મરજીવા કંઇ મોતી કાઢવા દરિયામાં ભૂસકા મારતા નથી તેવીજ રીતે આપણે પણ એકદમ ધડંધડા કરવાથી

કઇ જ્ઞાતિનુ હિત કરી શકતા નથી પણ જ્યાં સુધી આપણે નિસ્વાર્થે જ્ઞાતિ હિત કરવાનો દ્રઢ નિશ્ચય કર્યો નથી ત્યાં સુધી આપણે કઇ કરી શકનાર નથી એકવાર આપણા મનમાં જ્ઞાતિ હિત કરવાનો દ્રઢ નિશ્ચય કરી ને પછી તેજ દ્રઢતાના હથિયારને બાહુમાં ગ્રહી જ્ઞાતિહિત કરવા સુધારાના સંગ્રામમાં જૂજવું જોઇએ ત્યાં પણ આપણને અનેક વિપત્તિઓ સહન કરવી પડશે ને એ વિપત્તીઓ એવીજ જબરાઇથી આપણી સામું તુમુલ યુદ્ધ કરશે કે આપણી પાસેના દ્રઢતા રૂપી હથિયારને તોડી પાડશે ને આપણે અપમાનને પામ કરી શકીશુ માટે આપણે જો જ્ઞાતિનો વિજય કરી વિજયની પુષ્પમાળા આરોપવા ઇચ્છા રાખતા હોઇએ તો તારે કેટલીક બાબતો પ્રથમ ગ્રહણ કરવી જોઇએ ને તે બાબત તારા મન સાથે પૂછપરછ કરી દ્રઢ નિશ્ચય પર આવવું જોઇએ તે એજ કે જ્ઞાતિ બધુંઓ માટે આપણને લાગણી હોવી જોઇએ માટે જ્ઞાતિ બધુંઓ માટે આપણા મનમાં કઇ લાગણી થાય છે કે કેમ ! સર્વજ્ઞાતિના બંધુઓ તથા આપણે એકજ માતાના ઉદરથી પામ થયેલા છીએ એમ આપણા મનને થાય છે કે કેમ ! જ્ઞાતિ બંધુના હિતને માટે આપણા સમસ્ત તન મન અને ધન અર્પણ કરવાને કોઇ દિવસ વિચાર ઉદ્દભવ્યો છે ખરો કે ! જ્ઞાતિનુ હિત કરવામાં અનેક વિપતીઓ સહન કરીશું ખરા કે ! જ્ઞાતિનું હિત છોડી દઇ તમારૂં મન ધન અને કીર્તિથી લલચાશો કે ! આપણા ધારેલા વિચારો પાર પાડવાનો નિશ્ચય થયો છે કે કેમ ! જીવના જોખમે પણ ધારેલું કાર્ય પાર પાડી શકીશું કે કેમ ! જ્યાં સુધી આપણું જીવન હોય, હૃદયનો એક ધબકારો સંભળાતો હોય ત્યાં સુધી જ્ઞાતિનું હિત કરવા નિશ્ચય થયો છે કે કેમ ! વિજયની આશા રાખતાં

નિરાશી થવું પડે તો ધારેલા કાર્યમાં ફરી પ્રવર્ત્તશો કે કેમ ? શું ઉપરની બાબતોનો ખરા મનથી નિશ્ચય કર્યો છે. ખરે જો તેવા નિશ્ચય થી આપણે જ્ઞાતિ હીત કરવા ધાર્યું હશે તો તો આપણો હેતુ ફળી ભુત કરી શકાશું બાકી તો કેટલાક બાયલાને હિચકારની માફક-હું જ્ઞાતિ ઉન્નતિ કરીશ, પણ તેઓ કંઇ કરી શકતા નથી ને આપણામા કહેવત છે કે, કહે તે સો કરતે નહિ, મુખ કે બડે લબાડ તેવીજ રીતે કરે છે.

આપણી જ્ઞાતિમાં જે જ્ઞાતિ હીત કરવા ખરા મનથી ધારતો હોય તેણે ઉપરની બાબતતોમાં પોતાના મન સાથે વિચાર કરી તેમાં દ્રઢ થવુ જોઇએ.

હું એમ કહેતો નથી કે તન મન અને ધન અર્પણ કરી આપણે ભીખારી થવું પણ ફક્ત જ્ઞાતિ હિતાર્થે સમય પડે ધનની તનની મદદ કરવી તેમજ કુધારાઓની સાથે કરવાના તુમુલ યુદ્ધમાં કંઇ આપણે બદુક ઝાલી જવાનુ નથી કે જેથી કરી આપણો ખભો ભાર સહન કરી ન શકે તેમજ ઢાલ કે તરવાર ઝાલવાની નથી કે આપણે ઢોગી હોવાનું જણાઇ આવે માટે જે ભાઇઓ જ્ઞાતિ હિત કરવા ધારતા હોય તેમણે પ્રથમ ઉપરના નિશ્ચયોમાં દ્રઢ થવું જોઇએ

સ્વજ્ઞાતિ હીત કરવુ એ દરેક જ્ઞાતિ બંધુઓની ફરજ છે જે જ્ઞાતિજનો પોતાની જ્ઞાતિનું હીત કરે છે તેના પર તેની કુળદેવી તથા સાક્ષાત પ્રભુ પણ રાજી રહે છે.

પોતાના માતા પિતાને જેમ પોતાનો પુત્ર સારો વિદ્દતાવાળો હોવાથી, અથવા વ્યાપાર કળામાં સારો પ્રવીણ નીકળવાથી, સદ્દઆ ચારવાળો હોવાથી આજ્ઞા પાળક હોવાથી, ધર્મિષ્ટ હોવાથી. આનંદ

થાય છે તેવીજ રીતે જ્ઞાતિનું હિત કરનાર વીરનરોના ઉમજ થવાથી જ્ઞાતિના કુળદેવો તથા જ્ઞાતિના વડીલજનો પણ તેના ઉપર પ્રસન્ન થાય છે. ને છેવટે તેમના આશીવાદનુ પાત્ર થઇ તેની ઉન્નતિ થાય છે.

સ્વધર્મના પાલણ માટે રામચંદ્રે ચૌદવરસ વનવાસ ભોગવ્યો પરશુરામે પોતાની માતાનો શિરચ્છેદ કર્યો. તથા બીજા અનેક દાખલાઓ આપણે આપણા શાસ્ત્રોમાંથી વાચી ગયા છીએ તેમજ જ્ઞાતિનુ હિત કરવુ એ પણ સ્વધર્મ છે કારણ કે જે વખતે મનુષ્યનો જન્મ થાય છે તે વખતે તેને કાંઇ પણ કાર્યનુ દુનિયાનુ જ્ઞાન હોતું નથી અર્થાત તે દુનિયાની તમામ વિભૂતીઓ તથા વ્યવહારોથી અજ્ઞાત હોય છે પણ તે પુર્વના ભાગ્યે કરીને જે જ્ઞાતિના ગૃહસ્થને ત્યાં જન્મ લીધો હોય તેના કુટુંબનુ તેને ધારે ધારે જ્ઞાન થાય છે ને છેક જ્ઞાત ઉમરે આવ્યા પછી તેને પોતાની જ્ઞાતિ સંબધી જ્ઞાન થવા માડે છે મતલબ કે તે પોતાની જ્ઞાતિના રિવાજોથી જ્ઞાત થઇ બીજા અનેક સંસારના વ્યવહારોથી પણ જ્ઞાન થાય છે મતલબ કે મનુષ્યને પોતાની જ્ઞાતિ સર્વદા પોષણ કરનાર છે તો કોણ એવો અભાગી હશે કે પોતાના પોષણ કરતાના હિત માટે તયાર ન થાય.

કદાચ આપણા મનમાં એમ વિચાર થાય કે જ્ઞાતિમાના દરેકજનો જ્ઞાતિનું હિતકરવા કંઇ કરતા નથી તો આપણે શામાટે કંઇ પણ કરવું જોઇએ તો તું વિચારી જોજેકે—યદુવંશમાં ઉત્પન્ન થએલા તમામ જાદવો એ ફક્ત જાદવા સ્થળી કરીને નાશ પામ્યા ને શ્રીકૃષ્ણ ભગવાન પોતે દુષ્ટોના નાશ કરતા હતા તેમણે એમ વિચાર કર્યો હત કે જાદવો આટલા બધા છે છતાં મારે આ સંગ્રામ શામાટે કરવો તો તે શ્રીમાન કંઇ શું કરવાના હતા પણ તેઓ સાક્ષાત ઇશ્વરી અવતારજ

હતા ને તેમણે દુષ્ટોના વિનાશ અર્થે ને ધર્મના સ્થાપન અર્થેજ મનુષ્ય અવતાર ધારણ કર્યો હતો એટલે તેમણે તેમ વિચાર ન કર્યો

પ્રત્યેક મનુષ્યમાં ઇશ્વરી અંશ છે પણ જે મનુષ્યો દેશના હિતમાં, જ્ઞાતિના હિતમાં પ્રાણ અર્પણ કરે છે તેઓમાં કઇક ભાગે ઇશ્વરી અંશ કુદરત તરફથી વધુ બક્ષેલો હોય એ માનનીય છે ને તે વાજ કુદરતથી બક્ષીસ થએલા ઇશ્વરી અંશવાળા મનુષ્યોનાજ વિચારો જ્ઞાતિ હિત જેવા ઉચકામો કરવાના હોય છે ને આપણે પણ જો જ્ઞાતિનું હિત કરવા ધારતા હોઇએ તો તેવા અંશવાળાજનોના ચરિત્રો યાદ લાવી કર્તવ્યપરાયણ રહેવુ જોઇએ.

એક લેખક કહ્યુ છે કે.—

જ્ઞાતિ ગંગા નીર છે, જ્ઞાતિ સુખનું ધામ,
જ્ઞાતિ વીણ શાતા નથી, જ્ઞાતિ નિર્મળ નામ;
જ્ઞાતિમાં જ્ઞાની થયો, થયોજ પૈસાદાર,
કર્યું ન સારૂં કોઇનુ. તો તેને ધિક્કાર ! !
જ્ઞાતિનું ઇચ્છે ભલું, અધિક બતાવે પ્યાર,
તે નરનો નિજ જ્ઞાતિમાં, ભલે થયો અવતાર.

લેખકની લખવાની મતલબ એવી હોવી જોઇએ કે જ્ઞાતિમાં—જન્મ પામીને તું તેના આશ્રિતોના કુટુંબ તળે ઉછર્યો, દુનિયાનાં હરેક વ્યવહારોથી જ્ઞાત થયો, જ્ઞાની થયો, પૈસાદાર થયો તો પછી તેનો ઉપકાર તું કેવી રીતે વિસર્જન કરી શકીશ અને તેનો બદલો પણ આપવાને તું કેમ કંઇ નહી કરી શકીશ જેમકે કોઇ પાઠશાળામાં અથવા કોઇ ઉદ્યોગ શાળામાં રહી આપણે કંઇ ધંધો શીખીએ છીએ અગર વિદ્યા ભણીએ છીએ ને તે વિદ્યા તથા ધંધો આપણા જીવનમાં

ઉપયોગી થઇ પડે છે તો આપણે તે શાળાનુ તથા તેના સ્થાપિત કરનારના આપણે કેટલો આભાર માનીએ છીએ તથા તેમના પ્રતિ કેટલા પ્રેમ ભાવથી જોઇએ છીએ તેવીજ રીતે જે જ્ઞાતિરૂપી શાળામાં રહી આપણે તેણે મૂકેલા શિક્ષકો રૂપી આપણા માબાપો તથા સગાસબંધીઓથી આપણે આ દુનિયાના વ્યવહાર રૂપી ઉદ્યોગનું જ્ઞાન મેળવી પ્રવીણ થયા તો પછી તેનો ઉપકાર ભુલવો એ સર્વથા નિંદીતજ છે.

જ્ઞાતિ ગંગાનીર છે એ વાકયમાં પણ લેખકે ઘણું રહસ્ય સમાવ્યુ છે અર્થાત જે મનુષ્યો જ્ઞાતિનુ હિત કરતા નથી ને તેનાથી બહિર્મુખ રહેવા પ્રયત્ન કરે છે તોપણ જેમ ગંગાજીને કોઇ પવિત્ર માની તેમનુ પુજન કરે યા કોઇ અપવિત્ર ચીજો નાંખી ભષ્ટ કરે તોપણ તેઓ દરેકને સરખી રીતે લાભ કરે છે તેવીજ રીત જ્ઞાતિ પણ તેઓને પાવન કરે છે ને પોતાની પંક્તીમા સંગ્રહ કરે છે.

જ્ઞાતિનું હિત કરનાર ભગવાનને પણ પ્રિય છે પણ તેનાથી બહિર્મુખ રહેનાર તથા જ્ઞાતિનુ અભિમાન ન રાખનાર તથા તેનુ હિત ન કરનાર તેમજ જ્ઞાતિ બંધુઓને આપદસમયે સહાય ન કરનાર ભગવાનનો પરમ ભક્ત હોય તોપણ તે તેને અપ્રિય થઇ પડે છે તે આપ સર્વ જાણુતા હશો તોપણ મારે એક દ્રષ્ટાંત બોલવા જરૂર જેવુ જણાવાથી તેમ કરવા રજા લઇ જણાવુ છુ કે—એક દિવસે ટીટોડીએ પોતાને ગર્ભ રહેલો હોવાથી પોતાના પ્રાણપતિ ટીટોડાને કહેવા લાગી કે—સ્વામિન મારા જણુવાના દિવસો પાસે આવ્યા છે માટે કોઇ સારૂં ને સવડવાળું ઠેકાણું આગળથી જોઇ રાખોતો ઠીક કે ને જગાએ હું વિઆઉં. ટીંટોડે કહ્યું કે તું આ સમુદ્ર કાંઠેજ ઇંડાં મૂકજે એ ઠેકાણું સારૂ છે. ટીંટોડીના પાડીને બોલી કે પુનમને દહાડે સમુ-

દ્રમાં જુવાળ આવશે ત્યારે સમુદ્ર ઈંડાં ઘસડી જશે. ટીટોડે હસીને ઉત્તર વાળ્યો કે. સમુદ્રની શી તાકાત છે કે તે મારાં બચ્ચાંઓનાં ઈંડાંને ઘસડી જાય. સમુદ્ર મહા બળીઓ છે તથાપિ તે મને શું કરનાર છે ! આ વાત વીત્યા પછી કેટલાક દિવસે ટીટોડીએ ઈંડાં મૂક્યાં. ટીટોડાના આ ગર્વિષ્ટ વચનોથી સમુદ્રને આશ્ચર્ય ઉત્પન્ન થયું કે આવા નાના સરખા ટીટોડા પંખીને પણ કેટલો મગરૂરી છે લાવતો ખરો ગમતની ખાતર તેનાં ઈંડાં તાણી લઉં; તેમ વિચારી ભરતી લાવી ઈંડાં તાણી લીધાં. થોડીકવાર બહાર ગયેલી ટીટોડી આવીને જુએ છે તો ઈંડાં મળે નહિ તે વિચારમાં પડી કે મેં મારા પતિને કહ્યું હતું કે કોઈ લાયક જગા શોધી કાઢો પણ તેમણે લાયક જગા ન શોધીને ગર્વમાને ગર્વમાજ અત્રે મને ઈંડાં મુકવા આગ્રહ કર્યો તો કદાપિ સમુદ્ર મારાં ઈંડાં તાણી ગયો હશે ખરે તેમજ લાગે છે. ઘડી પછી ટીટોડો આવ્યો ટીટોડે આને રડતી જોઈને પુછ્યું કે તું શા માટે રડે છે ત્યારે તેણે બનેલી તમામ હકીકત કહી સંભળાવી.

ટીટોડાએ પોતાની સ્ત્રીને રડતી બંધ રાખી અને શાન્તી આપી કહ્યું કે તું રડીશ નહિ એ સમુદ્રના શા ભાર છે હું તેને કહું છું ને તે કદાચ ઈંડાં પાછાં નહિ આપે તો હું તેને મારી ચાંચથી તમામ પાણી બહાર ઉલેચી સુકવી નાંખીશ.

ટીટોડાનો આ પ્રયાસ નિષ્ફળ ગયો પણ તેણે પોતાની સ્ત્રીની સલાહથી પોતાની જાતના તમામ પંખીઓને ભેળા કર્યાં પણ તેમાં ગરૂડજી કે જે પંખી સાક્ષાત્ શ્રી વિષ્ણુ પરમાત્માનું વાહન છે તેમને ગર્વ ઉત્પન્ન થયો કે એવા એવા નાના પંખીઓમાં હું તે જાઉં કે તેમ ધારી તેઓ ગયા નહિ. પંખીની તમામ જ્ઞાતિએ તેમને તેડું ઘ-રીથી મોકલ્યું તોપણ તે ગયા નહિ.

ગરૂડજીને બીજીવાર તેડું મોકલ્યા છતાં તેઓ ન આવવાથી તમામ પંખીઓએ ભેગા મળી તેમને ન્યાત બહાર મૂકયા ને દરેક પંખી દરીઓ ઉલેચવા પોતાનો પ્રયાસ કરવા માંડયા.

ગરૂડ ઉપર હું સ્વારી કરૂં છું તેથી ગરૂડને અભિમાન આવ્યું ને તેથી કરી પોતાના જાતિ બંધુને સહાય કરવા પણ ન ગયો તેથી પંખીઓએ તેને ન્યાત બહાર મૂકયો છે તેવાતની સાક્ષાત શ્રી વિષ્ણુ પરમાત્માને ખબર પડી.

બીજે દિવસે સવારે ગરૂડજી શ્રી વિષ્ણુ ભગવાન પાસે દર્શનાર્થે ગયા ત્યારે શ્રી ભગવાને દર્શન આપ્યા નહિ તેથી ગરૂડજીએ વિચાર કર્યો કે અહો ! દરરોજ મને હર્ષથી દર્શન આપતા હતા ને આજે દર્શન નહિ આપતા આટલા બધા ખિન્ન શાથી થયા છે શું મારી કંઇ કસુર થઇ હશે. થોડીક વારે ગરૂડજીએ ભગવાનને આજીજી સાથે વિનંતી કરી કહ્યું કે હે ભગવાન આપની સેવામાં મારાથી કંઇ ચુક થઇ હોય તો ક્ષમા કરશો ત્યારે ભગવાને કહ્યું કે ગરૂડ તું જાણે છે કે આ દુનિયાના દરેક મનુષ્યોને તેના પૂર્વ જન્મના પુણ્ય પ્રમાણે ધન, સુખ, પુત્ર વગેરે હું આપું છું પણ તેથી ગર્વિષ્ટ થઇ જે પોતાના જ્ઞાતિ બંધુઓનું હિત કરવા પ્રયાસ કરતા નથી તથા જ્ઞાતિથી બહિર્મુખ રહે છે તેના પર હું સદા અપ્રસન્ન રહું છું. તે પ્રમાણે તેં પણ આજે કર્યું છે માટે તને મારા દર્શન સદાની માફક પ્રસન્ન ચહેરે થશે નહિ. છેવટે ગરૂડજીએ કહ્યું કે હે ભગવાન. આપ મને દર્શન દો આપનાં દર્શન કરીનેજ બારોબાર હું અત્રેથી મારા બંધુઓને સહાય કરીશ. ત્યારે શ્રી ભગવાને પ્રસન્ન ચહેરે દર્શન આપ્યાં.

આ વાત ઉપરથી બોધ તો એજ લેવાનો છે કે—મનુષ્યને

પોતાના કર્મ પ્રમાણે કોઇને સંપત્તિ, તો કોઇને વિદ્યા તો કોઇને શરીરબળ. એ પ્રમાણે કુદરત તરફથી બક્ષીસ મળેલાં હોય છે તેઓ જ્ઞાતિની ઉન્નતિ કરવામાં દરેકે પોતાના શક્તિ અનુસાર પોતાથી જે રીતનો પ્રયત્ન અથવા મદદ થાય તે રીતનો પ્રયાસ કરવો જોઇએ ને તે પ્રમાણે ન કરનારાઓ પર શ્રી કૃષ્ણ પરમાત્મા અપ્રસન્ન રહે છે

કેટલાક જ્ઞાતિનું હિત ઇચ્છનારા માણસો એકવાર નાફતેહમંદ થવાથી તેમ કરતાં અટકી જાય છે પણ તેમને માટે કહેવાનુ કે એક વખત ફતેહમંદ ન થાઓ તો બીજી વખત કામ કરો ને એમ ઘણા વખત પ્રયાસ કરવા છતાં ફળીભુત ન થાઓ તો પણ કર્મના ફળની આશા રાખ્યા વગર કર્મ કરતા જ રહેજો ગીતાજીના બીજા અધ્યાયના શ્લોક ૪૭ માં શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું છે કે—

કર્મણ્યે વાધિકારસ્તે, માફલેષુ કદાચન; ”
મા કર્મફલ હેતુ ર્ભૂર્મા, તે સગોસ્ત્વ કર્મણિ

અર્થ તારો અધિકાર માત્ર કર્મ કરવાનો છે પણ તેનાં ફળની ઇચ્છાનો અધિકાર તને કદી નથી માટે કર્મનાં ફળ મેળવવાનો હેતુ તુ રાખ નહી તેમ કર્મોનો ત્યાગ કરવામાં પણ તું પ્રીતિ કર નહી તેમ જ વળી તે સબધમા એક ગ્રથકારે કહ્યું છે કે.

“ કર જા કાર્ય ત્હારું તું, જરૂર તેતો સફલ થાશે,
ફળે જો ના હયાતિમાં, ફલો તુજ છોકરાં ખાશે;
મળે જયમાળ નહી તોએ, કર્યું તે વ્યર્થ ના જાશે,
કર્મોનું દામ મેળવશે, ધર્યો જાભાઇ ઉલ્લાસે.

તેમજ વળી કોઇ ફતેહમંદ નહિ થનારે પણ પોતાના ઉદ્‌ગારો નીચે મુજબ જણાવ્યા છે કે—

"અમારાં બીજ વાવેલાં, ફળીફુલી થશે વૃક્ષો,
ફળો બહુ લાગશે સુંદર, ઘણાજન ચાખશે ભાવે,
ફળોનો સ્વાદ લેઈને, પુન જન વાવશે બીજને,
પરંપર બહુ ફળો થાશે, થશે ઉપકારની શ્રેણી"

તેવીજ રીતે હે ભાઈઓ તમો પણ કરાવેલ કાર્યનાં શુભ ફળો મેળવવામાં નિષ્ફળ નીવડો તો તેથી હઠશો નહિ પણ ખરી તે કાર્ય કરવા મંડ્યાજ રહેજો તેનો બદલો તમને નહિ મળે તો તમારા છોકરાને પણ મળશે ને તારી તે રીતીને લોકો વખાણશે તેઓ પણ તે પ્રમાણે આચરણ કરશે માટે તેવી રીતે નિષ્ફળ થવાથી ડગીશો નહિ.

જ્ઞાતિ હિત કરનારે જ્ઞાતિમાં સુધારા દાખલ કરી કુધારાઓને તિલાંજલી આપવાનું છે ને તે સુધારા દાખલ કરવા હાલના કેટલાક સુધારકોના મતને અનુસરી તે પ્રમાણે કરવામાં આવે છે પણ તેમાં કેટલીક વખત એવું પણ બની આવે છે કે પ્રથમના દરેક ધારા તે કુધારાધારી તેને કાઢવા પ્રયત્ન કરે છે પણ તેઓ જાણતાજ નથી કે પહેલાના ધારાઓને કુધારા તરીકે ગણી દૂર કરવા માગતા હોતો પણ જેમ વાળેલા કચરામાંથી પણ વખતે કંઇ વસ્તુ મળી આવે છે તેવીજ રીતે તેમાંથી પણ બારીક તપાસ કરતાં તે સુધારા કરતાં પણ વધારે સારો સુધારો જણાય આવે છે.

મહાશયો! ઉપર પ્રમાણે બે બોલ બોલી હું મારું ભાષણ સમાપ્ત કરું છું તો તેમાં કોઈપણ જાતનો દોષ જણાય તો ક્ષમા આપશો—બેસી જવાની રજા લઉં છું.

આપણી વર્ત્તમાન સ્થીતિનું દિગ્દર્શન.

(ભાષણ કરનાર.)

બાબુલાલ ચુનીલાલ શાહ.

મહાશયો,   એડીટર " વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ " આજની આ આનંદદાયક પરિષદથી આપ અત્રે મળેલા સર્વને દીપોત્સવી સમાન હર્ષ થતોજ હશે ને મને પણ અત્યંત આનંદ થાય છે ને ઇશ્વર પાસે યાચુ છું કે આવી આવી પરિષદો હરેક વખતે ભરાય અને જ્ઞાતિમા સુધારા કરવા એક બાબતના પરસ્પર વિચારો જણાવી છેવટે નીર્ણય કરી તે પ્રમાણે જ્ઞાતીમાં દાખલ કરે.

આપ જાણતાજ હશો કે દુનિયાની હરેક જ્ઞાતિ, પંકતી અગર સંસ્થા પોતે ચઢતી સ્થીતિમાં આવવા માટે દીનપ્રતિદીન પ્રયત્નો કરતી રહે છે, દરેક મનુષ્યો પણ પોત પોતાની ઉન્નતિને માટે કોઇ વેપાર કરે છે, કોઇ વિદ્યાભ્યાસ કરે છે, કોઈ પરદેશગમન કરી જુદી જુદી કળાઓનું જ્ઞાન લે છે અને કોઇ જુદા જુદા પ્રકારના ઉદ્યોગો કરી તે દ્વારા આગળ વધવા પ્રયત્ન કરે છે

એતો નિઃસંદેહ છે કે જ્યારે જ્ઞાતિ તથા વ્યક્તીઓ આગળ વધવું એ શબ્દને ખાસ માની આગળ વધવા પ્રયત્ન કરે છે તો આપણી જ્ઞાતિને પણ આગળ વધવાનું છે એમ ધારી તથા ઉન્નતિના શીખરે પહોંચવા માટે, તેમજ સૃષ્ટિમાં શ્રેષ્ટ ને પ્રતિષ્ઠીત જ્ઞાતિ તરીકે ગણાવા માટે શાશા પ્રયત્નોની જરૂર છે તે અમો અમારા વાચક બંધુઓ સમક્ષ રજુ કરવા ઇચ્છા રાખીએ છીએ પણ આવા પ્રયત્નો કેવી રીતે કરવા જોઇએ, હાલ તે રીવાજો કેવી રીતના છે ને કેમ કરી

જેવી રીતના કરવા ને સભામાં બે બોલ બોલવાને રજા લઉં છું.

આપણી જ્ઞાતિ હાલ વિદ્યામાં પૈસામાં તથા વસ્તીમાં પણ ઘણીજ પછાત છે માટે આપણા ભવિષ્યના હિતની ખાતર હાલની સ્થીતિમાં ફેરફાર થવાની જરૂરીયાત છે.

• આપણી જ્ઞાતિ વિદ્યા પૈસા તથા વસ્તીમાં પછાત છે તે સાથે તેમાં ધર્મ—સપ વગેરેમાં પણ પછાત છે માટે તેમાંથી બચી જઇ આપણે તે મેળવવા શાશા પ્રયત્નો કરવા જોઇએ તે જણાવું છું

• કેળવણી એટલે દુનિયાના હરેક વ્યવહારોનુ જ્ઞાન મેળવવું તે નહિકે બી એ. કે એમ એ. ની ડીગ્રી મેળવવી ને દુનિયાના વ્યવહારોમાં અણુમાહીતગાર રહેવુ મતલબ કે ભણવુ ને ગણવુ. ભણીને તેનો ઉપયોગ સારો કરવો તેનુ નામ કેળવણી.

આપણી જ્ઞાતિમાં આજથી પચાસ, પોણોસો વર્ષ પૂર્વે કેળવણી ભાગ્યેજ હતી અને કેળવણીનો તે વખતે હાલના સમય જેટલો ઉપયોગ પણ ન હતો તે વખતે. તો ફક્ત મારા ગામઠી શાળાના માસ્તર સાહેબો પાસેથી “ નામુ ને વ્યાજ, આંક ને પદ ” શીખ્યા એટલે ભાઇ બન્યા હુશીયાર તેવુ હતુ ને તે વખતે ઉપયોગ પણ તેટલોજ હતો પણ હાલના જમાનામા તો ગુજરાતી ભાષામાં અગર સસ્કૃત ભાષામાં વિદ્વતા ધારણ કરનાર બધુંઓને પણ ઘણે ભાગે નોકરી સિવાય કોઇ ધંધોજ મળતો ન હોય તેમ જણાય છે અને નોકરીમાં પણ પોતાના પેટ પુરતો પગાર પણ મળવો હાલમાં મુશ્કેલ થઇ પડે છે તે ઉપર વિચાર કરતાં હાલ પોતાની માતૃભાષાના જ્ઞાન સાથે ઇંગ્રેજી ભાષા શિખવાનો પણ ઉદરનિર્વાહ માટે તેમજ પોતાની ઉન્નતિ કરવામાં પણ વિશેષ ખપ છે.

અન્ય જ્ઞાતો સાથે સરખાવતાં આપણી જ્ઞાતિ કેળવણીમાં ઘણી-જ પછાત છે ને તેનું કારણ એજ છે કે. આપણા કેટલાક યુવાનો ગુજરાતી સાત ચુડી ભણીને પછી સરસ્વતિ દેવીના પવિત્ર મંદીરને નમસ્કાર કરી દે છે તેમજ આપણી જ્ઞાતિના ગૃહસ્થો પણ હજુ સુધી પોતાના બાળકોને ઇંગ્રેજી કેળવણી આપવા નામે ખર્ચતા નથી અને કેટલાક તો તે તરફ લક્ષજ આપતા નથી.

પ્રાથમિક શાળાઓમાં જો કે બાળાઓ અને બાળકો હાલ સારા ઉત્સાહથી કેળવણી લેતાં જણાય છે એટલે ભવિષ્યમાં આપણી જ્ઞાતિ કેળવણીમાં સારી પદવી ધરાવશે એમ આશાનુ વાદળ બંધાય છે ઇશ્વર તેજ વાદળથી યોગ્ય વખતે વરસાદ વરસાવો (તાળીઓ).

આપણી જ્ઞાતિના કેટલાક ગૃહસ્થોની સ્થીતિ નાણાના સંબંધમાં એવી કંગ્ડી છે કે—પ્રાથમીક શાળાઓમાંથી ઉચ્ચ કેળવણી લેવા આવતા કેટલાક બાળકો નાણાંની તગાસને લીધે પોતાનો અભ્યાસ વધારી શકતા નથી તથા માબાપ તરફથી નાણાંની છુટ વાળા યુવકો પણ કેટલાક જાતના કુસંગોથી વિદ્યા મેળવી શકતા નથી એજ જ્ઞાતિનું મોટું દુર્ભાગ્ય છે.

હાલનો સમય એવો છે કે માણસ જ્યાં સુધી કોઇ પણ ધંધાની અંદર પુરેપુરી માહીતી મેળવી શકતો નથી ત્યાં સુધી તેને સ્થીતિ ઘણીજ ખરાબ દેખાય છે અર્થાત્ ઘાંચીના બળદ જેવી દેખાય છે માટે મારા જ્ઞાતિના યુવક બંધુઓ તમે તમારા દિવસો મોજ મજામાં નગાળતાં વિદ્યા સંપાદન કરી કોઇ લાઇન પર ચઢી જાઓ કે જેથી તમે તમારૂ ભવિષ્ય સુધારી જ્ઞાતિનું હિત કરી શકો.

મારા ગૃહસ્થને શ્રીમંત જ્ઞાતિ બંધુઓને પણ મારે ખાસ કહેવું-

જ જોઇએ કે તમે પણ આપણી પાસે પૈસા છે એટલે છોકરો શેઠાઇ કરશે તેને ભણવાનું શું કામ છે તેમ ધારી તેને કેળવણી આપતા અચકાશો નહિ તેમજ તમારા જ્ઞાતિબંધુઓ કે જેઓ નાણાંની અગર બીજાં સાહિત્યની તંગાસને લીધે આગળ અભ્યાસ કરી શકતા ન હોય તેને યોગ્ય મદદ કરો કહ્યું છે કે

"સ્થાવર જંગમ મિલ્કત માંમાં આથી ઉત્તમવિદ્યાદાન. માટે વિદ્યાદાન જેવું એક પણ દાન શ્રેષ્ઠ નથી તો તમારા જ્ઞાતિબંધુઓને વિદ્યા ભણાવવામાં મદદ કરો.

મારા ગરીબ જ્ઞાતિ બંધુઓને પણ જણાવવાનું જે તમો તમારા બાળકોને ઉંચ કેળવણી આપવામાં પોતાની તમામ મિલ્કતનો વ્યય કરો અગર તમારી જ્ઞાતિના શ્રીમંત ગૃહસ્થો પાસેથી જેની મદદ જોઇતી હોય તે લઇ બાળકોને ભણાવો મદદ લેતાં જરા પણ શરમા-રૂપદ થશો નહિ.

યુવક બંધુઓમા કેટલાક એમ પણ કહે છે કે અમોને પૈસા મળી શકે છે પણ અમારૂ મગજ આગળ અભ્યાસ કરવામાં ચાલી શકતું નથી અર્થાત્ કામ કરી શકતુ નથી તો તેમને મારે કહેવું જોઇએ કે, આપણામાં કહેવત છે કે રડતો જાય ને મુઆની ખબર લાવે, તે મુજબ જો તમે મનમાં તેવાજ વિચાર કરશો તો તમે પણ મે કેળવણી લઇ નહિજ શકો પણ હિંમતથી કેળવણી લેવીજ છે એમ નિશ્ચય કરશો તો તમે કેળવણી લઇજ શકશો કહ્યુ છે કે—

ધીરજને ચતુરાઇથી, કામ કઠણ જો હોય,
જલદીપાર મુકાય છે, ભલે કરી સૌ જોય.

તે મુજબ તમે પણ ઉંચ કેળવણી લઇ શકશો. તમે ગમે તો પૈસાદાર હશો ને તેથી વિદ્યા નહી ભણ્યા હો ને મનમાં ધારતા હશો કે આપણે વિદ્યા ભણવાની શી જરૂર છે પણ તમે યાદ રાખજો કે લક્ષ્મી ચંચળ છે તેને જતાં વાર લાગતી નથી પણ વિદ્યા એ એવું ગુપ્ત ધન છે કે "વ્યયેકૃતે વર્ધત્ એવા નિત્યં, વિદ્યાધનં સર્વધન પ્રધાનમ્" વિદ્યાનો વ્યય કરવાથી તે નિત્ય વધતી જાય છે ત્યારે લક્ષ્મીનો વ્યય કરવાથી ખુટતી જાય છે માટે ભાઇઓ વિદ્યા મેલવવા તત્પર થાઓ હાલ તમે બીજી જ્ઞાતિઓ સાથે અવલોકન કરી હરિફાઇમાં ઉતરશો તો જણાશે કે દરેક શ્રીમતો પોતાના બાલકોને ભણાવે છે જ્ઞાતિના ગરીબ બાળકોને મદદ આપે છે ત્યારે આપણી જ્ઞાતિમાં તેમાંનુ કંઇ પણ જણાતુ નથી.

મારે ખાસ કરી કેળવણી લેનાર યુવક વર્ગને કહેવાનુ કે તમારી વિદ્યાર્થી અવસ્થાનું કર્તવ્ય જે વિદ્યા મેલવવાનુ છે તે બજાવી ભવિષ્યમાં તમારી ઉન્નતિ કરવાનાં સાહિત્ય તૈયાર કરો.

ભાઇઓ પરિષદનો ટાઇમ ખલાસ થવા આવ્યો છે તેમ હજુ મારી પછી કેટલાક બંધુઓને પોતાના વિચારો જણાવવાની ઉત્કંઠા થતી હશે એટલે હું મારૂં ભાષણ આટલેથી બંધ કરી બેસી જવાની રજા લેઉછુ.

પ્રમુખનું ભાષણ.

છોટાલાલ મુલચંદ શાહ.

ગૃહસ્થો,

આજનો આ દિવાળી જેવો શુભ પ્રસગ આપણે પ્રાપ્ત કરી શકવા ભાગ્યશાળી થયા છીએ તેને માટે શ્રી જગદીશનો પાડ માનવાનો છે.

આપ સજ્જનો તરફથી મને જે પ્રમુખસ્થાન આપવામાં આવેલું છે. તેને માટે, તેમજ આપ સર્વ સદ્‌ગૃહસ્થોએ પધારી જે તસ્દી લીધી છે તેને માટે હુ આપનો આભાર માનું છું તેમજ આશા છે કે કે હવે પછીની દરેક પરિષદોમાં હાજર રહી, જ્ઞાતોન્નતિના દરેક કાર્યમાં મદદ કરશે.

ગૃહસ્થો, આપણી જ્ઞાતિની પરિષદ અદ્યાપિ કોઇપણ સ્થળે મળેલી નહોતી તેમજ તેવી રીતની જાહેર સંસ્થા પણ "શ્રી ગુજરાત વિશાદીશાવાળ મિત્રમડળ" તથા બીજી એકાદ બે સિવાય છે નહિ ને તે પણ નામનીજ હયાતી ધરાવે છે. એટલે એકપણ નથી તેવુંજ કહીએ :તો ચાલી શકે પણ ઇશ્વર કૃપાએ લગભગ ચાર માસથી "વિશા દીશાવાળ જ્ઞાતિ સમાજ નામની સસ્થા" સ્થાપિત થઇ છે અને તેના કાર્યવાહકોના પ્રયાસથી આપણે અત્રે ભેગા મળવા ભાગ્યશાળી થયા છીએ જેને માટે તેના કાર્યવાહકોને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપવો ઘટે છે.

મજકુર પરિષદની સ્વાગત કમિટીના સેક્રેટરી મી. શકરાભાઇ જુઠાભાઇ ગાંધીએ પણ જોઇતી તૈયારી ટુંક મુદતમાં કરી રાખી છે તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે, તથા તેઓએ પોતાના ભાષણમાં જે

મુદ્દાની બાબતોપર વર્ણન કરેલું છે તે મનન કરવા જેવું છે.

મજકુર પરિષદમાં મી. તુલજારામ જમનાદાસ શાહ તથા મી. બાબુભાઇ ચુનીલાલ શાહે જે ભાષણો કરેલાં છે તે આપણી આ પ્રથમની પરિષદને માટે તો બસ છે મી. તુલજારામે પોતાના ભાષણમાં જણાવ્યા પ્રમાણે જ્ઞાતિના હિત કરનારને તે ગુણો ગ્રહણ કરવાજ પડે છે કારણકે દ્રઢ નિશ્ચ‍િના પોતાનું કાર્ય કરી શકતો નથી, તેમજ મી. બાબુભાએ પણ જ્ઞાતિની વર્તમાન સ્થીતિ સબંધી જે કઇ હકીકત જણાવે છે તેથી આપણે આપણી ભુલો વિચારી તેને દૂર કરવા પ્રયત્ન કરવોજ જોઇએ

મી. શકરાભાઇ ભુલાભાઇ ગાંધી પોતાના ભાષણમાં જણાવી ગયા છે કે, કોઇપણ કાર્યમા ફતેહમંદ નીવડવા માટે ખંત તથા મદદ એમ બેની જરૂર છે. તે પ્રમાણે આપણી જ્ઞાતિમાં નીકળેલ નૌતમ સંસ્થા "શ્રી વિશાદિશાવાળ જ્ઞાતિ સમાજ " ને જોકે તેના કાર્યવાહકો ખંત ધરાવે છે તોપણ તેને નાણાંની મદદની જરૂર છે તો આશા છે કે દરેક જ્ઞાતિ બધુઓ જ્ઞાતિના આ કલ્પવૃક્ષ ને મદદરૂપી વારી સીંચી સજીવન રાખશે. કારણ કે જ્ઞાતિ બધુઓને મદદ કરવી તે દરેક સ્વજ્ઞાતિ બધુઓને ધર્મ છે ને તે મી. તુલજારામના ભાષણ ઉપરથી જણાઇ આવ્યું હશે.

સંપ સિવાય કંઇ ઉચ્ચ ઉધેશો પાર પડી શકતા નથી એ ખુલ્લું-જ છે તો તેવીજ રીતે મી. શકરાભાઇએ ઇસારો કર્યો પ્રમાણે જો "ગુજરાતી વિશા દોશાવાળ મિત્રમંડળ " આ નવીન સંસ્થાને મળીજશે તો ઉભયના સંપથી ઉભયના હેતુઓ પાર પડી શકશે અને જ્ઞાતિની ઉન્નતિ થઇ શકશે.

હું પણ પ્રથમ "શ્રી ગુજરાત વિશા દીશાવાળ મિત્રમંડળમાં" સેક્રેટરી તરીકે હતો પણ પાછળથી તે સસ્થાના મેનેજીગ કમીટીના "પ્રતિનીધીઓ "ના દુર્લક્ષે કરી હાલ પોતાનું કામ જોઇએ તેવું કરી શકતી નથી તેમજ મજકુર સમાજના કાર્યવાહકોએ મને મજકુર સમાજમાં જોડાવા માટે ખાસ આગ્રહ કરવાથી મેં મજકુર સમાંજમાં જોડાવા ખુશી દર્શાવી હતી.

દુનિયાની હરેક વ્યક્તીઓ દીન પ્રતિદાન ઉન્નત સ્થીતિએ પહોચવાને માટે પ્રયત્નો કરતી જણાય છે તેવીજ રીતે આપણી જ્ઞાતિના દરેક જ્ઞાતિ બધુઓએ પણ ઉન્નત અવસ્થા પ્રાપ્ત કરવાને દરેક જાતના સદ્દગુણો ગ્રહણ કરવાજ જોઇએ. ને તે એ છે જે—આપણી જ્ઞાતિમા કેટલેક સ્થળે કન્યાવિક્રય, બાળલગ્ન, તથા બીજા અન્ય કુધારા હાલ પ્રસરેલા છે તેને નાબુદ કરવાના પ્રયત્નો કરવા જોઇએ

વળી વધુ તો એ છે જે—દુનિયામા સપથી હરેક કાર્ય પાર પડી શકે છે તે સર્વ સામાન્ય નિયમ છે. પણ આપણી જ્ઞાતિમા દીન પ્રતિદીન કુસપે વાસ કરી દીધો છે અને સંપને દેશવટો આપી દીધો છે. જે હાલ થોડી મુદત ઉપર બનેલા બનાવ ઉપરથી જણાઇ આવે છે. ઘણીજ શોચની વાત છે કે આપણી જ્ઞાતિ આખા હિંદુસ્તાનમાં એવા જઇશું તો લગભગ ૨૦ વીશેક ગામોમાં આશરે વસવાટ કરી છે તેમાં એકંદર ઘરો લગભગ ૮૦૦ ના આશરે હયાતી ધરાવતાં હશે તેમાં પણ સંપ રહી શકતો નથી.

આપણામાં કહેવત છે કે—"સંપે સંપત્તિ સાંપડે, સંપથી જાયે કલેશ." તેવીજ રીતે જ્ઞાતિમાં સંપ ન હોવાથી ને કુસંપનો વસવાટ હોવાથી આપણે ધનહીન, વિદ્યાહિન, થઇ ગયા છીએ તો આશા છે કે

આપણી જ્ઞાતિના દરેક બધુઓ દરેક સ્વજ્ઞાતિ બંધુઓ પ્રત્યે ભાતૃભાવથી પ્રેમ દૃષ્ટિથી જોશો કે જેથી કરી ભવિષ્યમાં આપણી જ્ઞાતિ સારી ઉન્નતિના શિખર પર આવે.

આજની પરિષદમાં જોઇતી બાબતો ચર્ચાઇ છે તે માટે શ્રી સિદ્ધ અંબીકાનો ઉપકાર માની હું એમી જવાની રજા લઉં છું. (તાળીઓ).

વિશાદીશાવાળ

જ્ઞાતિ ગૃહસ્થોને

નમ્રસૂચના.

૧ જ્ઞાતિના વિદ્વાન ગૃહસ્થોને વિનંતી કે આપની પાસે જાણવા જેવાં લખીત પુસ્તકો તથા હસ્ત લેખીત ગ્રન્થો કે જે અપ્રસિદ્ધ સ્થિતિમાં પડ્યા હોય તે અમ પુસ્તક પ્રસારક કમીટીને મોકલી આપશો તો તે સઘળું યોગ્ય હશે તો છપાવી પ્રસિદ્ધ કરવામાં આવશે.

૨ જ્ઞાતિ સમાજને નાણાંની જરૂર છે તો આશા છે કે જ્ઞાતિના શ્રીમંત ગૃહસ્થો આ તરફ પોતાના ઉદાર હાથ લંબાવશે તથા આશ્રયદાતા સમાજના મેમ્બર થઈ સમાજને ઉત્તેજન આપશે.

૩ અમારી સમાજ તરફથી "વિદ્યોત્તેજક ફંડ" નામની સંસ્થા સ્થાપવા વિચાર છે તો જે ગૃહસ્થને નાણાં આપવાં હોય તેમણે સમાજના સેક્રેટરીને મળી ખુલાસો કરવો.

૪ પુસ્તક પ્રસારક કમીટીના મેમ્બર થઈ કમીટીને ઉત્તેજન આપશો.

વિશાદીશાવાળ જ્ઞાતિ સમાજ.

મુંબાઇ.